**નેંનપુર ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા પ્રાકૃતિક ખેતી તાલીમ અને ડાંગરપાક પર ખેડૂત તાલીમકાર્યક્રમ યોજાયા**

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા મહેમદાવાદ તાલુકાના ફાર્મ ટેકનોલોજી ટ્રેઇનિંગ સેન્ટર નેનપુર ખાતે આણંદ કૃષિ યુનિવર્સીટીના કુલપતિશ્રી ડો. કે. બી.કથીરીયાના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતી તાલીમ અને ડાંગર પાક પર તાલીમ યોજાઇ હતી .જેમાં ૬૯ ખેડૂતો અને ધાનુકા કંપનીના કર્મચારીઓએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

ડૉ. ડી.બી.પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીએ હાજર રહેલા ખેડૂતોનું સ્વાગત પ્રવચન કર્યુ હતું. ત્યાર બાદ ડૉ. ડી.બી.પ્રજાપતિએ કેન્દ્રની માહિતી અને સંશોધનને લગતી તાંત્રીક્તાઓ વિશે માહિતી આપેલ હતી.

ડૉ.ડી.બી.પ્રજાપતિએ ડાંગરમાં સુધારેલ વિવિધ જાતો અને બિયારણ ઉપલબ્ધિ પર વૈજ્ઞાનિક અને તાંત્રીક્તાઓ અને ઓરાણ ડાંગર વિશે માહિતી આપેલ હતી. ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીએ પ્રાકૃતિક ખેતી, ખેત વ્યવસ્થાપન, જમીન ચકાસણી અને મૂલ્યવર્ધનના ફાયદા જેવા વિષયો અંગે માહિતી આપેલ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ ડૉ. ભરતભાઇ ઠક્કર અને ડો. તારક પટેલે કરેલ હતું.

નેનપુર ગામના ખેડૂતોની તાલિમ

